સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

મંદિરોના આશીર્વાદે સચવાયું છે કેન્દ્ર!
કોર્ટના ચૂકાદાઓથી કચવાયું છે કેન્દ્ર!
ખૂંચવાયું છે ખમીર હવે નહેરૂ વંશનું -
ભાષાની ભ્રમજાળમાં, ગૂંચવાયું છે કેન્દ્ર!

બેનીવાલ ને -
ચાલે 'મોદી' પનોતી -
હાલ-બેહાલ!
(નોકરી ગઇ!)

છે ફરીયાદી -
એને કરી, રાહુલે
લ્યો! ફરીયાદ!
(અડવાણીનું સાંભળે છે કોણ?)

ચિંતન

સ એવ ધન્યો વિપદિ સ્વશીલં નવિ મુંચતિ । ત્યજ ત્યર્ક કરૈ સ્તપ્તં હિમં દેહ ન શીતલામ ॥

'વિપત્તિ-મુશ્કેલીઓમાં પણ, કપરા કાળમાં પણ - જે મનુષ્યો પોતાનાં ચારિત્ર્ય-શીલ-સ્વભાવ સદ્‌ગુણોનો ત્યાગ કરે નહિં તે જ પુરૂષ ધન્ય છે. સૂર્યના કિરણથી ગરમ થઇ ઓગળેલું હિમ (બરફ) પોતાના સ્થૂળ દેહનો ભલે ત્યાગ કરે છે પણ પોતાના મૂળ પ્રકૃતિ-શીલતાને છોડતું નથી.'

સમાજમાં, આજકાલ ખૂબ જ એવા કિસ્સા જોવા મળે છે જે અકલ્પનીય અને માની પણ ન શકાય - ધર્મગુરૂ બની બેઠેલા આશારામ નારાયણ, નારાણય દત્ત તિવારી - તો સમુદ્રમાં ડૂબેલા પર્વતોની ટોચ માત્ર છે. સરકારી અધિકારી, પ્રધાનશ્રીઓ અને માનવ જિંદગી સાથે ખેલનારા વેપારી ડોકટરો-ઇજનેરો... પોતાના કર્તવ્ય-ફરજો ભૂલી અમાનવીય આચરણ કરે છે.

સાચો માનવી એ છે કે ગમે તેવી આપત્તિ - આવી પડે છતાંય પોતાનાં કર્તવ્યો-ફરજ-નિષ્ઠાનો ત્યાગ કરતા નથી. શીલ-સ્વભાવ ચરિત્ર પર મક્કમ રહે એ જ માનવી ધન્ય છે.

હિમ બરફ હોય કે પીગળે પણ એની પ્રકૃતિ-સ્વભાવ બદલતાં નથી.

સુવિચાર

- બાળખની જેમ નિર્ભય, નિર્દોષ બનીને જે ઇશ્વરના રાજયનો સ્વીકાર નથી કરતો તે કદી તેમાં પ્રવેશ નહીં પામી શકે - **સંત ફ્રાન્સીસ**
- સાધક દુનિયામાં રહેવો જોઇએ પણ દુનિયા સાધકમાં નહીં - **મોરારી બાપુ**
- ઉન્નતિ કરવા માટે ખૂદને જ સતત ઉપદેશ આપતા રહેવું જોઇએ - **સ્વામિ રામતિર્થ**
- બુદ્ધિ ચાતુર્યથી હંમેશા પામી શકાતું નથી અને મુર્ખતા હંમેશા ગરીબી તરફ નથી દોરી જતી - **વિદુર**
- જીંદગી જેમ વહે તેમ તમે ન તણાવ, જીંદગી જેમ વિકસે તેમ તેની નીચે તમે વિકાસ પામો - **એસ. ભટ્ટાચાર્ય**
- શીખીને નથી વિચારતો એ ગુમાવે છે.. પણ વિચારીને પણ શીખતો નથી એ સૌથી જોખમી વાત છે - **કૌટિલ્ય**
- સત્ય વચનો સુંદર નથી હોતાં અને સુંદર વચનો સત્ય નથી હોતા - **લાંઓત્સુ**

(સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

શિક્ષણ, જ્ઞાન કે કોઇ પણ કલા, 'ગુરૂભક્ત' ને જલદી અને સરળતાથી પ્રાપ્ત થાય છે અને એ વિદ્યા નિખરી ઉઠે છે. ગુરૂભક્તિ એટલે સંપૂર્ણ સમર્પણ - અને જે ગુરૂભક્ત હોય એ એવો જ 'શિષ્ય પ્રેમી' પણ હોય..

ગુજરાતના જાણીતા લોકસાહિત્યવિદ્, લોકસંસ્કૃતિ વિદ, લોક સાહિત્યની લોકશૈલીના સમર્થ ચિત્રકારશ્રી ખોડીદાસ પરમાર એ ઉમદા ગુરૂભક્ત અને શિષ્યપ્રેમી હતા એનાં બે દૃષ્ટાંત અહીં પ્રસ્તૂત છે :

(૧) શ્રી ખોડીદાસભાઇ કોઇ ફાઇન આર્ટ સ્કૂલ-કોલેજમાં ભણ્યા વિના જ, એમણે પ્રખ્યાત ચિત્રકાર સોમાલાલ શાહને પોતાના ગુરૂપદે સ્થાપ્યા અને એકલવ્યની જેમ તેમની ઉપાસના-સાધના કરી, લોકશૈલીના ચિત્રકાર તરીકે નામના મેળવી. માત્ર 'વહાણ'ના વિષય ઉપર જ પચ્ચીસ ચિત્રો જે વિશ્વના શ્રેષ્ઠ ચિત્રોમાં મૂકી શકાય એવાં છે એમને એકવાર ગુજરાત સરકાર તરફથી એ જમાનાના એક લાખ રૂપિયાનો પુરસ્કાર આપવાનો થયો. બાયોટેડા મંગાવવા પત્ર મળ્યો ત્યારે એમને જવાબમાં લખ્યું 'મારા ગુરૂ શ્રી સોમાલાલ શાહને આ એવોર્ડ પ્રથમ મળવો જોઇએ, એના પહેલાં આ એવોર્ડ હું ન સ્વીકારી શકું.'

(૨) ઉજ્જૈનમાં કાલિદાસ સમારોહ થતો, એમાં કાલિદાસની નાટ્યકૃતિના વિષય પર રાષ્ટ્રીય ચિત્ર સ્પર્ધા થતી એમાં ખોડીદાસભાઇ ચિત્ર મોકલતા - સતત સાત વર્ષ ઉત્તમ ચિત્રનું પારિતોષિક પ્રાપ્ત કર્યા. પછી વિચાર્યું દર વર્ષે હું જ ઇનામ મેળવવું તો મારા શિષ્યોને ઇનામ ક્યારે મળે? અને ચિત્ર મોકલવાનું બંધ કર્યું..

Email - sureshchandrabhatt18@gmail.com

યાત્રિકની સ્મૃતિમાં એક સંગીત એકડેમી શરૂ કરી રહી છું અને તેનું ઉદ્‌ઘાટન તમારા હસ્તે જ કરવાનું છે આ સાંભળી સરોજ નરમ પડે છે અને ગળગળા સાદે કહે છે કે દીકરી હું જે કરી શકી નથી તે તું કરે છે તેથી મારા લાડકાના સંગીત ઉદ્‌ઘાટન પ્રસંગે જરૂરથી આવીશ

અંતરની અભિલાષા

- નિરંજન ઓઝા

૬૦ વર્ષના સરોજબેન ઘોઘા સર્કલ પાસે આવેલ પ્રણવ ફ્લેટની બાજુમાં "હરી ૐ" બંગલોઝમાં નિવાઝ કરે છે. પોતે એકલાં હોવાથી સારસંભાળ માટે એક ૧૫ વર્ષની છોકરીને જેનું નામ રાધા છે તેને રાખવામાં આવી છે, જે સરોજબહેનનું ઘરકામ રસોઇ તથા બહાર જતી વખતે તેની સાથે રહે છે. સવારમાં પૂજાપાઠ કર્યા પછી પોતાના બંગલાના ટેરેશમાં બેસતા સરોજબહેન જાય છે ત્યારે રાધા કહે છે કે આજે રસોઇમાં પુરી, ભીંડાનું શાક, દાળ તથા ભાત બનાવ્યા છે, તેની સાથે ગળપણમાં શિરો કે કંસાર બનાવું? આ સાંભળી ગુસ્સામાં સરોજબહેન જવાબ આપે છે કે મેં તને કેટલી વખત કહ્યું છે કે, ગળપણ માટે મને અરૂચિ છે. તીખું તમતમતું બનાવવું હોય ત્યારે જ પુછવા કહ્યું હતું તે તને યાદ છે? હવે મારે માટે ગરમ કડક કોફી બનાવી ટેરેશમાં સરોજબહેન બેઠા છે ત્યાં આપી જાય છે. સરોજબહેનની નજર કોફી પીતાં પીતાં સામેના રસ્તા પર જતા એક કપલ ઉપર પડે છે અને તે ભૂતકાળમાં સરી પડે છે -

ઇન્દ્રવદનરાયની એકની એક મા વગરની છોકરી ફક્ત પોતાના પિતાના આશ્રયે છે બાળપણમાં માનો પ્રેમ ગુમાવ્યો છે તેવા સંજોગોમાં ઘણાં જ લાડકોડમાં ઉછરેલી સરોજ પિતાના અથાગ પ્રયત્નોને લીધે, ડાન્સ સંગીત તથા ડ્રોઇંગમાં નિપુર્ણ થઇ શકી હતી. અભ્યાસ પણ સારો એવો પૂર્ણ કર્યા પછી પુખ્તવયની છતાં માગા આવવા લાગ્યા. પિતાએ પ્રથમ આવેલ માગાનો પરિચય આપતા, સરોજને સાધારણ કુટુંબ લાગતા, તેનો અસ્વીકાર કરે છે. થોડા સમય પછી, મંગળ મહેલ નજીક આવેલ દેવુ બાગમાં રામરાયના પુત્ર વિનોદ માટે ઓફર આવે છે. આ વખતે સરોજે પોતે તપાસ કરતાં, ફેમીલી વ્યવસ્થિત લાગતા, વિનોદના લગ્ન લેવાય છે. લગ્નના બે વર્ષ પછી સરોજ પોતાના પિતા ઇન્દ્રવદનરાયની છત્રછાયા ગુમાવે છે પરંતુ પોતે પુત્રની માતા બને છે.

એક દિવસ ખુબ જ માઠા સમાચાર સરોજને મળે છે કે પુત્ર યાત્રિકનું અકસ્માતમાં અવશાન થયું છે સરોજ હવે પતિ તેમજ પુત્ર વિના દિવસો પસાર કરે છે

વિનોદ ભાવનગરના લોખંડ બજારમાં આવેલ બેન્ક ઓફ બરોડામાં સેવા કરી રહ્યો છે અને પોતાના પુત્રને સારું શિક્ષણ મળી રહે તેથી અમદાવાદમાં આવેલ શારદા સ્કૂલમાં એડમિશન મેળવે છે અને પુત્ર યાત્રિકને હોસ્ટેલમાં રહેવાની વ્યવસ્થા કરે છે. એક દિવસ વિનોદનો જુનો મિત્ર મહેશ બોમ્બેથી આવે છે તેનો પરિચય સરોજને આપતા જણાવે છે કે આ મારો મિત્ર મહેશ અને હું, અમદાવાદમાં એક જ સ્કૂલમાં ભણતાં હતા, તેણે આર્ટસ પુરૂ કર્યા પછી બોમ્બે અંધેરીમાં આવેલ પ્રકાશ સ્ટુડિયોમાં માર્કેટીંગ મેનેજર તરીકે જોબ શરૂ કરી અને હું ભાવનગરમાં બેન્કમાં જોઇન થયો. આ પરિચય વિદી પતી ગયા પછી, જમવા જતા પણ બંને મિત્રો જૂના દિવસો યાદ કરતાં રહ્યા. જમ્યા પછી આરામ કરતી વખતે વિનોદે મહેશને કહ્યું કે મારી પત્ની સરોજ સારૂં ગાય છે. આ સાંભળી મહેશે, ભાભીને એકાદ ગીત સંભળાવવાની વિનંતી કરી. શરૂઆતમાં સરોજે શરમને લીધે, ગાવાની આનાકાની કરી પરંતુ વિનોદના આગ્રહને લીધે સરોજે, ભક્ત કવિ નરસિંહ મહેતાનું પ્રાચીન ભક્તિ ગીત "રામસભામાં અમે રમવાને ગ્યા' તા" ગાયું. આ સાંભળી, મહેશ ઘણો જ ખુશ થઇ ગયો અને વિનોદને સરોજને લઇ બોમ્બે આવવા આમંત્રણ આપ્યું કારણ કે તેનો એક મિત્ર ફિલ્મોમાં સંગીતકાર છે.

થોડા સમય પછી વિનોદ, સરોજને બોમ્બે લઇ જાય છે જ્યાં તેમની મુલાકાત સંગીતકાર સાથે થાય છે અને ઓડિયો ટેસ્ટ લેવાય છે. સંગીતકાર પણ સરોજને સાંભળી ખુશ થાય છે અને એક ફિલ્મના ગીતો ગાવાનો ચાન્સ આપે છે. ગીતો હીટ જાય છે અને આ ફિલ્મ જગતમાં હવે જ્યાં જુઓ ત્યાં સરોજના ગીતો છવાઇ જાય છે. સરોજ - વિનોદ હવે બોમ્બે નિવાસી થઇ જાય છે. પુષ્કળ પ્રસિદ્ધિ તથા પૈસા મળવાથી, વિનોદ બેન્કની નોકરી છોડી દે છે અને ફિલ્મ બનાવવાના મૂડમાં ખોવાઇ જાય છે. સરોજ ઘણી જ ના પાડે છે પરંતુ વિનોદ ફિલ્મ બનાવવાની જીદ પકડે છે અને આખરે સરોજ નમતું જોખે છે. ફિલ્મ બનાવ્યા પછી જોઇએ એવી પ્રસિદ્ધિ મળતી નથી અને ઘણી જ ખોટ જાય છે. પોતાની ભુલ ભુલવા વિનોદ દારૂના લવારે ચઢે છે અને તેને લીધે તબિયત લથડે છે. બીજી બાજુ સરોજનાં ગીતોના ઓડર્સ પણ ઓછા થતાં, બોમ્બે રહેવું હવે સરોજ-વિનોદને ભારે લાગે છે અને પાછા પોતાના વતન ભાવનગર આવી જાય છે પરંતુ ટૂંક સમયમાં વિનોદ આ દુનિયા છોડી જાય છે. આ સમયે પુત્ર અમદાવાદમાં કોલેજ કક્ષાએ આવતા તથા માતાનો સંગીતનો વારસો મળતાં, સ્વીટી નામની એક યુવતીનાં સંપર્કમાં આવે છે. બંને જણાં સંગીતના શોખીન અને જાણકાર હોવાથી, અવારનવાર સંગીતનો કાર્યક્રમ યોજતા હોય છે. આ માહિતી સરોજને હોય છે પરંતુ એક દિવસ ખુબ જ માઠા સમાચાર સરોજને મળે છે કે પુત્ર યાત્રિકનું અકસ્માતમાં અવશાન થયું છે સરોજ હવે પતિ તેમજ પુત્ર વિના દિવસો પસાર કરે છે.

એક દિવસ સવારે સરોજને ફોન આવે છે ફોન લેતાં સ્વીટી બોલું છું તેમ જણાવે છે તે ત્યારે વાત કરવા માગતી નથી તેવું કહી ફોન મુકી દે છે પરંતુ ફરીથી ફોનની ઘંટડી વાગે છે અને તેમાં સ્વીટી મળવા માગે છે તેવું જણાવે છે મળવાની જરૂર નથી તેમ કહી સરોજ ફરીથી ફોન મુકી દે છે.

બીજે દિવસે સવારે ડોરબેલ વાગે છે. રાધા બારણું ખોલે છે અને યુવતી મળવા માગે છે તેવું જણાવે છે. સ્વીટી આવી સામે બેસે છે. બંને વચ્ચે વાતચીતમાં સ્વીટી કહે છે કે હું કોઇ વ્યક્તિ દર્દથી પીડાતી હોઇ તેને જોઇ શકતી નથી તેથી યાત્રિકનું અવશાન થયું ત્યારે હું આવી નો'તી. મને તેને માટે ઘણો જ પ્રેમ હતો અને છે તેથી જ એક પ્રસ્તાવ લઇને તમારી પાસે આવી છું હું યાત્રિકની સ્મૃતિમાં એક સંગીત એકડેમી શરૂ કરી રહી છું અને તેનું ઉદ્‌ઘાટન તમારા હસ્તે જ કરવાનું છે આ સાંભળી સરોજ નરમ પડે છે અને ગળગળા સાદે કહે છે કે દીકરી હું જે કરી શકી નથી તે તું કરે છે તેથી મારા લાડકાના સંગીત ઉદ્‌ઘાટન પ્રસંગે જરૂરથી આવીશ. કોઇ કોઇ વખત સંગીતનું જ્ઞાન પીરવા પણ આવીશ. યાત્રિકની સ્મૃતિ કાયમ રાખવા બદલ તને ખૂબ ખૂબ ધન્યવાદ અને મારી "અંતરની અભિલાષા" પણ છે. દીકરી તારે આજે મારી સાથે જ જમવાનું છે. તેથી રાધાને સરસમાં સરસ રસોઇ બનાવવાની સુચના આપે છે. આ સમય દરમિયાન રાધાથી એક તપેલી પડી જવાના અવાજથી સરોજ બહેન ઝબકીને તંદ્રામાંથી વર્તમાનકાળમાં આવી જાય છે અને એક ઊંડો નિસાશો નાખતાં કોફીનો ડોઝ પુરે કરે છે.

રક્ષાબંધન એટલે સ્ત્રી તરફ જોવાની દૃષ્ટિ બદલવી, બહેનોના રક્ષણની જવાબદારી લેવી અને તેને ગમે તેવા કપરા સંજોગોમાં પણ જીવના જોખમે નિભાવવી અને બહેને ભાઇ માટે હરદમ શુભેચ્છાઓ સેવવી - 'દધિ' છલકતી અને નિઃસ્વાર્થ!

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ શબ્દ સેતુ

સંપાદક : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'

સમાચાર સેતુ

છેલ્લા ૧૭ વર્ષોથી સતત કાર્યરત એવી, ગાંધીનગર સાહિત્ય સભઆની રાબેત મુજબ, દર માસના બીજા રવિવારે અચૂક મળતી માસિક સામાન્ય સભા; આ માસમાં તા. ૧૦-૮-૨૦૧૪ ને રવિવારના રોજ સાંજના ૫.૩૦ વાગે, સિનિયર સિટીઝન કાઉન્સીલના કાર્યલય, નમન એપાર્ટમેન્ટ, સેક્ટર-૨૧ ગાંધીનગર ખાતે, પ્રમુખ ભરતભાઇ કવિ 'ઊર્મિલ'ના અધ્યક્ષ સ્થાને વર્ષાઋતુ અને પ્રસંગોચિત - શ્રાવણ પૂનમ (રક્ષાબંધન) ને અનુલક્ષીને, તે અન્વયેની સ્વરચિત અને અપ્રકાશિત કાવ્ય-ગીત-ગઝલની કૃતિ રજૂ કરી શકશે. 'શબ્દ સેતુ' માં પ્રગટાર્થે, આ રજૂ કરેલ કૃતિની સ્વચ્છ નકલ, એક બાજુ લખાયેલ આપવાની રહેશે. આ સભા નિયત સમયે શરૂ થઇ, સમયસર પૂર્ણ થશે. આથી આ સભામાં ગાંધીનગર સાહિત્ય સભાના સભ્યો, સાહિત્યકારો અને સાહિત્યરસિકો - ભાવકો તથા મહાનુભાવોને સમયસર પધારવા અનુરોધ કરવામાં આવે છે.

રક્ષાબંધન

માનવજીવનની મહાનતાનાં દર્શન કરાવનારી સંસ્કૃતિ એટલે આપણી ભારતીય સંસ્કૃતિ! સ્ત્રીને ભોગ-દાસી ન સમજતાં, તેનુ પૂજન કરનારી ભારતીય સંસ્કૃતિ એક ઉમદા સંસ્કૃતિ છે. વિશ્વમાં સ્ત્રી પુરૂષના સંબંધો અનાદિ છે અને અંત સુધી રહેશે. વિવિધ પ્રકારના એ સંબંધોમાં ભાઇ-બહેનનો એક જ એવો સંબંધ છે જે નિરપેક્ષ છે. સ્ત્રી તરફ આ દૃષ્ટિ કેળવવા માટે રક્ષાબંધનનું પર્વ છે. રક્ષા-રાખડીના તાંતણે તાંતણે બહેનના હૃદયનો નિર્મળ, નિર્વ્યાજ અને નિઃસ્વાર્થ પ્રેમ વણાયો છે. ભાઇ પ્રત્યેની અસીમ શ્રદ્ધા અને ત્યાગમાંથી બહેનનું નિર્વ્યાજ પ્રેમ પુષ્પ ખીલે છે અને આ પ્રેમ એ ઘરની પ્રતિષ્ઠા છે. અદ્વી અક્ષરની અમીરતા છે. બહેન તરફથી ભાઇને અપાતી અંતરની આશિષમાં એક દિવ્ય શક્તિ રહેલી હોય છે. રક્ષાબંધન તહેવાર પૈસા લેવાનો તહેવાર પૂરતો ચિલાચાલુ વ્યવહાર કે રૂઢિ ન બની જવો જોઇએ. આ એક ભાવનાનો પ્રસંગ - તહેવાર છે. રક્ષાબંધન એટલે સ્ત્રી તરફ જોવાની દૃષ્ટિ બદલવી, બહેનોના રક્ષણની જવાબદારી લેવી અને તેને ગમે તેવા કપરા સંજોગોમાં પણ જીવના જોખમે નિભાવવી અને બહેને ભાઇ માટે હરદમ શુભેચ્છાઓ સેવવી - 'દધિ' છલકતી અને નિઃસ્વાર્થ!

નિબંધ સેતુ

સફળતાની સીડી

આશા અમર છે, પરંતુ અધિક આશા એ મૃત્યુ છે અને તેથી કહ્યું છે કે, અતિ આશા એ જ દુઃખની જનેતાની જનની છે. હરદમ ફૂંફાડા મારતી અને કદાપિ ન મરતી આશારૂપી ઝેરી નાગણને જો નાથવામાં ન આવે અને સંયમનાં, સંતોષરૂપી કરંડિયામાં જો પૂરવામાં ન આવે તો, આ વાંચ્છનાઓ - અપેક્ષાઓ, મનની ઇચ્છાઓ - કામનાઓ ઘણાં અનિષ્ટો સર્જે છે અને માનવ જીવનમાં બેસૂમાર દુઃખનાં વમળો પેદા કરે છે. પરંતુ એનો અર્થ એવો પણ નથી કે, આશાઓને છોડીને નિરાશાની ગર્તામાં ધકેલાઇ જવું! સેવેલ શમણાં સાકાર ન થાય અને આશા પર પાણી ફરી વળે, ત્યારે માયુશ કે નિરાશ થવાની જરૂર નથી, પરંતુ જો ગજા બહારની આશાઓને - મહેચ્છાઓને ફળીભૂત થવાની મહેચ્છા રાખવામાં આવે તો, કદાચ સાંગોપાંગ ન પણ ઉતરે! પરંતુ જો પોતાની શક્તિના પરિઘમાં રહીને, આશાના મિનારા ચણવામાં આવે અને સાથોસાથ ધૈર્ય અને ખંતથી આ મિનારાના ચણતરમાં, લગનપૂર્વક જોતરાઇને જો કર્મ કરવામાં આવે તો, કદાપિ અસફળતા મળતી નથી. સિદ્ધિનાં સોપાન સર હાથ રાખીને જ ચડી શકાય - ખિસ્સમાં હાથ નાખીને નહીં!

આ દુઃખભર્યા, ડગલે ને પગલે મુશ્કેલીઓ - અડચણો - અવરોધો ભર્યા સંસારરૂપી મહાસાગરને જો હેમખેમ પાર કરવો હોય તો, ધીરજ - ધૈર્ય અને દૃઢ ઇરાદાની જરૂર છે, તેમાં નાસીપાસ થવાથી તો અધવચ્ચે જ બૂડી મરાય!

સુખ અને દુઃખ, જય અને પરાજય એ તો સૂરજની દિનચર્યા બરાબર છે; જેમ કે સૂર્ય સવારે કૂણા તડકા સાથે પ્રભાતે પૂર્વમાં મલકે છે, મધ્યાહને તેજોમય બનીને માથે તપે છે; સાંજ ઢળ્યે તેજધાર સૂર્યમાં નરમાશ આવે છે અને સંધ્યાના ખોળામાં તે પોઢી જાય છે અને સર્વત્ર અંધકારના ઓળા ઉતરી પડે છે. સવાર થતાં જ એ જ સૂર્ય સ્વસ્થતા ધારણ કરીને, પૂનઃ તેનું તે જ, તેજ ફેલાવ છે. આમ સુખ અને દુઃખ અને દુઃખ પછી સુખ એમ નિયતિની રહેંટ ઘટમાળ અવિરત ચાલ્યા જ કરે છે. કોઇ કંઇ જ કાયમને માટે સ્થાયી નથી. પેલું કહેવાયું છે ને કે : "જે જાયું તે જાય" - "જેનો ઉદય તેનો અસ્ત" અને "જેનું નામ તેનો નાશ!" તે પ્રમાણે દુઃખ આવ્યું છે તો તે પણ ચાલ્યું જશે, માટે હતાશામાં ગરકાવ થવાની કે નાસીપાસ થવાની જરૂર નથી અને સુખ આવ્યું છે તો તે પણ સમયાંતરે - ગમે ત્યારે એકાએક અલોપ થઇ જશે, માટે સુખમાં બહુ હરખાવાની પણ જરૂર નથી. આમ સુખમાં અને દુઃખમાં જે માનવ સ્થિતપ્રજ્ઞ રહી શકે તે માનવ ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ ધીરજથી આ વિકટ સંસાર સાગરને હસતાં હસતાં તરી જાય છે - પાર કરી જાય છે.

સાચે જ કહ્યું છે કે : "અપના હાથ જગન્નાથ!" કોઇકને સોંપાયેલ તમારું કાર્ય ઘણી વખત અટવાઇ પડે છે, તમારી ઇચ્છા મુજબ તેને ઓપ મળતો નથી, કે આ કાર્યની પૂર્ણતામાં, તમારા વિશ્વાસનું હનન થાય છે અને તમે નાસીપાસ થઇ જાઓ છો; પરંતુ યાદ રાખો, તમને કોઇ જ કમાઇને આપતું નથી. પેલી ગામઠી કહેવત છે ને : "હો હાથિયે સેતર હૂનું!" (સો સાતીઓ ખેતર સૂનું) હા, કોઇ પણ કાર્ય કરવા માટે એક થી બે ભલા... અને બેથી ચાર! તમારે જો કોઇ ઉદ્યોગ ધંધા ફર્મ કંપની ચલાવવા હોય તો, તમારા બે હાથ ઉપરાંત અન્યના ત્રીજા હાથને સહારે ચલાવી શકાય, પરંતુ અન્યને - પારકાને આધારે છોડી ન શકાય. એ ત્રીજો હાથ ક્યારે તમને શેહ દે, તે કહી શકાય નહીં!

આ બાબતના ઉમદા દાખલાઓ આપણી સમક્ષ મોજુદ છે. એબીસીએલ જેવી મોટી અને માતબર ફર્મ ઊભી કર્યા પછી, અન્યને સહારે છોડી દેવાથી, આ કંપની નિષ્ફળ થઇ અને કરોડોનું દેવું થઇ ગયું! કંપનીના માલિક દુઃખના અને દેવાના દરિયામાં મઝધારે ઘેરાઇ ગયો અને વંટોળ અને ઝંઝાવાતની વચ્ચે અટવાયો. મઝધારે ઘેરાઇ ગયો. પરંતુ આત્મવિશ્વાસથી, પોતાની કુનેહ પૂર્વક, સ્થિતપ્રજ્ઞ રહી, પોતાના બે હાથે - જાત મહેનત કરી અને આમ દુઃખોના સમુદ્રમાં મઝધારે અટવાયેલ અમિતાભ બચ્ચન, એ દુઃખોનો દરિયો ડહોળીને પુનઃ સિદ્ધિના કિનારે પહોંચી ગયો.

ઘોર નિરાશામાં પણ ભાંગી પડ્યા વિના, ઉત્સાહિત રહેવાથી સર્વત્ર આશાનાં અંકુર ફૂટે અને હાસ્ય દેખાય, પરંતુ નિરાશાથી તો સદૈવ નિષ્ફળતા જ સાંપડે! પરંતુ હા! ઉત્સાહ દ્વારા, નિષ્ફળતા એ સફળતા તરફ દોરી જતી એક તેજોમય કેડી અને સફળતાની સીડી બની શકે.

ભલે બધું જ ખૂટી જાય, પરંતુ શ્રદ્ધા આત્મવિશ્વાસ ન ખૂટે અને તે અકબંધ અને અખંડિત રહે તો, નિષ્ફળતા ઊભી પૂંછડીએ ભાગી જાય! ક્યારેક નિષ્ફળ નિવડવાની પણ તૈયારી રાખવી જરૂરી છે; કારણ કે નિષ્ફળતા એ સફળતાની સેઇફ ખોલવાની ચાવી છે. અનુકૂળ-પ્રતિકુળ પરિસ્થિતિ એ મનની ભ્રમણા છે; કાર્ય સાધનામાં સર્વ કાંઇ સાનુકૂળ જ હોય છે, હા, મન મજબૂત અને ઉત્સાહ હિંમત બુલંત હોવા જોઇએ.

"સમંદર કેટલો દૂર છે" તેવું કદી પણ પૂછ્યા વિના જેમ નદી સતત વહ્યા જ કરે છે... વહ્યા જ કરે છે અને આમ સતત કર્મ કર્યા કરીને, સાગરમાં સમાવાની - તેની મંઝિલને પામીને જ રહે છે; તેમ સદા ક્રિયાશીલ રહી, કઠોર પરિશ્રમ કરી, ધીરજ ધરી, મુશ્કેલીઓ સામે બાથ ભીડીને મંઝિલને આંબી શકાય છે. પાણીના એક ટીપામાંથી ઝરણું, ઝરણામાંથી નદી, નદીમાંથી મહાનગી અને મહાનદીમાંથી સમુદ્ર બને છે કારણ કે, તે અવિરત વહ્યા જ કરે છે, સમજ સાથેનો કઠોર પરિશ્રમ અને પ્રતિબદ્ધતા એ નિરાશા, હતાશા, વેદના વૈકલ્પ અને વ્યાકુળતાને દૂર કરી, સફળતાના શિખરે પહોંચાડે છે. પરંતુ આ સઘળું ત્યારે જ શક્ય બને, જ્યારે પોતાની શક્તિ મુજબની આશાઓ સેવવામાં આવે. આપણે સદાય એ ન ભૂલીએ કે, પ્રારબ્ધનું તાળું ફક્ત પુરૂષાર્થની ચાવી દ્વારા જ ખોલી શકાય છે.

- 'દધિ'

રત્નકણિકા :

"પોતાની થયેલ ભૂલને ભૂલ ન માનવાની ભૂલ કરવી તે, માનવીની મોટામાં મોટી ભૂલ છે."

આપણી જમીન પર

આપણી જમીન પર
જીવીત રહેવા માટે
આપણે માત્ર લાપતા જ થઇ શકીએ છીએ!
આપણી જમીન પર
અજાણી દિશામાંથી આવતી ગોળી
કોઇને પૂછ્યા વગર
આપણને ઓળખી જાય છે!
આપણી જમીન પર
કારાગારની કોટડીમાં
ખુલ્લા રહી ગયેલા વીજળીના તારને જોડતી વખતે
અમારું 'હાર્ટ ફેઇલ' થઇ જાય છે!
આપણી જમીન પર
અમારો સૌથી મોટો સહાયક
એક નાડુ હોય છે જેને
સન્તરી એ સમયે, અમારા
પાયજામામાંથી સરકાવવાનું ભૂલી જાય છે
જ્યારે અમને તન્હાઇના કેદી તરીકે
એક અજનબી કોટડીમાં બંધ કરી દેવામાં આવે છે!
અને આ બધાંની ગેરહાજરીમાં
તોય પણ અમારું નામ
જ્યારે અને જેટલું વિચારી રાખ્યું હોય
તો પણ અમારા પ્રાગટ્ય (જન્મ) પહેલાં
રીઢા ગુનેગારોની યાદીમાં જોડી દેવામાં આવે છે
અને પછી
માત્ર ને માત્ર એક પોલીસ સાથેનો સંઘર્ષ કહો કે મુકાલબો
બાકી રહી જાય છે
જેને મુલત્વી રાખી શકાય છે
વધુમાં વધુ અમારી જુવાની સુધી!

અનુવાદ : રમણ વાઘેલા
સૌજન્ય : નયા જ્ઞાનોદય : (હિંદી સામયિક)
જુલાઇ-૨૦૧૪